**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal
Volume - 8, Issue - 11, November - 2025
ISSN(o): 2581-6241
Impact Factor: 9.134

DOIs:10.2018/SS/202511008 --:-- Research Paper / Article / Review

# આદિજાતિ જનનાયક બિરસા મુંડા: જીવન અને કાર્ય

ડો.રવિકુમાર રામસિંગ વસાવા
(આસી પ્રોફેસર) બીવીડી આર્ટસ- કોમર્સ કોલેજ બાપુનગર, અમદાવાદ
ravikumarvasava@gmail.com

સારાંશ (Abstract): બિરસા મુંડા એ ભારતીય ઇતિહાસના એક અત્યંત પ્રભાવશાળી આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની, ધાર્મિક સુધારક અને લોકનાયક હતા. ૧૯મી સદીના અંતમાં બ્રિટિશ વન કાયદાઓ, જમીનદારી પ્રથા અને બિનઆદિવાસીઓ દ્વારા થતા આર્થિક શોષણના કારણે છોટાનાગપુરના આદિવાસી સમુદાયના જીવન પર ગંભીર અસર પડી હતી. આ સંશોધન પેપરનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના પ્રખ્યાત આદિવાસી સ્વાતંત્ર્ય સંગ્રામી, ધાર્મિક સુધારક અને સામાજિક વિચારક બિરસા મુંડાના જીવન, તેમને ઘડનારા મુખ્ય સામાજિક-ધાર્મિક પરિબળો, અને બ્રિટિશ શાસન સામેના તેમના મહાન વિદ્રોહનું વિશ્લેષણ કરવાનો છે. બિરસા મુંડા એ માત્ર બ્રિટિશ શાસન સામેના યુદ્ધવીર નહોતા, પરંતુ તેમણે પોતાના સમાજમાં સ્વાભિમાન, આધ્યાત્મિકતા અને સંઘર્ષની નવી ચેતના ફૂંકી હતી. તેમની વિચારસરણી "જલ,જંગલ,જમીન" પર આધારિત હતી. આ પેપર ત્રણ મુખ્ય સ્તરો પર આધારિત છે: (૧) જીવન અને ઘડતર; (૨) અંગ્રેજો સામેનું આંદોલન 'ઉલ્ગુલન' અને (૩) સામાજિક અને ધાર્મિક વારસો 'બિરસાઈત'.

આ સંશોધન માટે ઐતિહાસિક દસ્તાવેજો, આદિવાસી લોકસાહિત્ય, સમકાલીન સરકારી અહેવાલો અને શૈક્ષણિક સાહિત્યનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પદ્ધતિ તરીકે વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો છે. મુખ્ય તારણો દર્શાવે છે કે બિરસા મુંડાનું આંદોલન માત્ર રાજકીય વિદ્રોહ નહોતું, પરંતુ ધાર્મિક અને સામાજિક સુધારાનું એકીકૃત સ્વરૂપ હતું. રાજકીય મોરચે, તેમણે 'અબુઆ દિશુમ. અબુઆ રાજ...' (આપણો દેશ, આપણું રાજ) ના નારા સાથે 'ખુંટકટ્ટી' અધિકારોની પુનઃસ્થાપના માટે ઉલ્ગુલનનું નેતૃત્વ કર્યું. ૧૮૯૯-૧૯૦૦નો આ સશસ્ત્ર વિદ્રોહ, જોકે બ્રિટિશરો દ્વારા દબાવી દેવામાં આવ્યો અને બિરસા મુંડાનું માત્ર ૨૫ વર્ષની વયે જેલમાં રહસ્યમય મૃત્યુ થયું, તેમ છતાં તેણે આદિવાસી સ્વશાસન અને જમીન અધિકારોની ચળવળને કાયમી અસર પહોંચાડી. બિરસા મુંડાના બલિદાનના પરિણામે બ્રિટિશ શાસનને છોટાનાગપુર ટેનન્સી એક્ટ (૧૯૦૮) જેવા કાયદાકીય સુધારાઓ લાગુ કરવા પડ્યા, જે આજે પણ આદિવાસી જમીનના રક્ષણ માટે મહત્વપૂર્ણ છે. તેમને 'ધરતી આબા' તરીકે મળેલું સન્માન ભારતીય ઇતિહાસમાં તેમના અદ્વિતીય યોગદાનની શાશ્વત સાબિતી છે.

આ સંશોધન પેપર એ પણ દર્શાવે છે કે બિરશાની વિચારધારા આજના સમયમાં પણ પ્રાસંગિક છે. પર્યાવરણ રક્ષણ, જમીન હકો, સ્થાનિક સ્વરાજ અને આદિવાસી ઓળખના પ્રશ્નો આજના ભારત માટે જેટલા મહત્વના છે, એટલા જ તેઓ બીરશા મુંડાના યુગમાં હતા. તેમના જીવન અને કાર્ય પરથી શીખવા જેવો મુખ્ય પાઠ એ છે કે "સાચું સ્વાતંત્ર્ય માત્ર શાસનથી મુક્તિ નહિ, પરંતુ માનવ ગૌરવ અને સ્વાભિમાનની સ્થાપના છે."

### ૧. પ્રસ્તાવના (Introduction)

બિરસા મુંડાનું જીવન અને કાર્ય ભારતીય ઇતિહાસમાં આદિવાસી સંઘર્ષની ગાથાનું એક સુવર્ણ પ્રકરણ છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં, જ્યારે બ્રિટિશ સામ્રાજ્યવાદ તેની ચરમસીમાએ હતો, ત્યારે મધ્ય ભારતના જંગલ વિસ્તારોમાં વસતા આદિવાસી સમુદાયો તેમની ઓળખ, સંસ્કૃતિ અને પરંપરાગત જીવનશૈલી માટે ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા હતા. આ પડકારોમાંથી જ એક યુવા આદિવાસી નેતાનો ઉદય થયો, જેને લોકોએ 'ધરતી આબા' નું બિરુદ આપીને 'ભગવાન' તરીકે પૂજ્યા તે હતા બિરસા મુંડા. બિરસા મુંડાનો જન્મ (નવેમ્બર ૧૫, ૧૮૭૫)ના છોટાનાગપુર પ્રદેશ (હાલનું ઝારખંડ) માં થયો હતો.તે સમયે અનેક જટિલ સમસ્યાઓ પ્રવર્તી રહી હતી. મુખ્યત્વે, બ્રિટિશ વહીવટી અને મહેસૂલ નીતિઓએ આદિવાસીઓના જીવનનો મૂળભૂત આધાર, 'જળ, જંગલ અને જમીન', પર ગંભીર હુમલો કર્યો હતો. બ્રિટિશ સરકારે જંગલોને આરક્ષિત જાહેર કરીને આદિવાસીઓના લાકડાં કાપવાના, શિકાર કરવાના અને અન્ય પરંપરાગત અધિકારો છીનવી લીધા હતા. સૌથી ઘાતક ફેરફાર જમીન માલિકીની પ્રણાલીમાં આવ્યો, જ્યાં તેમની સહિયારી 'ખુંટકટ્ટી' પ્રથાને નાબૂદ કરીને જમીનદારી પ્રથા લાદવામાં આવી. આના કારણે બિન-આદિવાસી વ્યાપારીઓ, શાહુકારો અને જમીનદારો ('દિકુઓ') દ્વારા આદિવાસીઓની જમીનો પચાવી પાડવામાં આવી અને આદિવાસીઓ તેમની જમીન પર જ બંધુઆ મજૂર બનવા મજબૂર થયા. ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓ પણ તેમની સાંસ્કૃતિક ઓળખને નબળી પાડી રહી હતી.આ પડકારોમાંથી જ એક યુવા આદિવાસી નેતાનો ઉદય થયો, જેને તેના લોકોએ 'ધરતી આબા' (જગત પિતા) નું બિરુદ આપીને 'ભગવાન' તરીકે પૂજ્યા તે હતા બિરસા સગુના મુંડા.

### ૨. જીવન પરિચય:

બિરસા મુંડાનું જીવન છોટાનાગપુરના આદિવાસી સમુદાયના સંઘર્ષો અને સામાજિક-ધાર્મિક ગતિવિધિઓના કેન્દ્રમાં રહ્યું હતું, જેણે તેમને પાછળથી એક ક્રાંતિકારી નેતા અને ધાર્મિક સુધારક તરીકે ઘડ્યા.

#### ૨.૧ જન્મ અને કુટુંબ:

જન્મ: ૧૫ નવેમ્બર, ૧૮૭૫ના રોજ તેમનો જન્મ થયો હતો. આ દિવસને હાલમાં 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.તેમનો જન્મ હાલના ઝારખંડના ખુન્ટી જિલ્લામાં આવેલા ઉલિહાતુ ગામમાં થયો હતો.તેઓ મુંડા આદિવાસી જાતિના હતા. તેમના પિતાનું નામ સુગના મુંડા અને માતાનું નામ કરમી હાતુ હતું.બિરસાનું બાળપણ અત્યંત ગરીબીમાં વીત્યું હતું. તેમનું કુટુંબ વારંવાર કામની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતું રહેતું હતું. પ્રારંભિક દિવસોમાં તેમણે પોતાના પરિવાર સાથે ચાલકડ ખાતે પણ સમય વિતાવ્યો હતો.

#### ૨.૨ બાળપણ અને શિક્ષણ:

બાળપણમાં બિરસા અન્ય આદિવાસી બાળકોની જેમ પશુઓ ચરાવતા, જંગલમાં રમતા અને વાંસળી વગાડવામાં કુશળ હતા. લોકકથાઓ અનુસાર, તેઓ દેખાવમાં સુંદર અને મજબૂત હતા, અને તેમનામાં તેજસ્વી અને ક્રાંતિકારી વલણ નાનપણથી જ દેખાતું હતું.તેમને પ્રારંભિક શિક્ષણ સાલગા ગામમાં જયપાલ નાગના માર્ગદર્શન હેઠળ મળ્યું. મિશનરી સ્કૂલમાં અભ્યાસ કરવા માટે, બિરસાને તેમના શિક્ષકની સલાહ પર ખ્રિસ્તી ધર્મ અપનાવવો પડ્યો અને તેમનું નામ બદલીને બિરસા ડેવિડ રાખવામાં આવ્યું. ચાઈબાસામાં જર્મન મિશન સ્કૂલમાં અભ્યાસ કરતી વખતે, બિરસાને સમજાયું કે મિશનરીઓ અને બ્રિટિશ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસીઓની

સંસ્કૃતિ અને ઓળખનું શોષણ કરીને તેમને ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવાનો છે. ૧૮૯૦ની આસપાસ, તેમણે અને તેમના પરિવારે ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કર્યો અને આદિવાસી સંસ્કૃતિ તરફ પાછા ફર્યા. બિરસાનું આ પ્રારંભિક જીવન, જેમાં ગરીબી, શિક્ષણ અને શોષણ સામેની જાગૃતિનો સમાવેશ થાય છે, તે જ તેમને પાછળથી આદિવાસી સમુદાયના મુક્તિદાતા, 'ધરતી આબા' અને 'ઉલ્ગુલન' ના પ્રણેતા તરીકે સ્થાપિત કરવામાં નિર્ણાયક સાબિત થયું

**૨.૩ ધરપકડ અને મૃત્યુ:**

૯જાન્યુઆરીના સંઘર્ષ પછી, બિરસા છુપાઈ ગયા, પરંતુ ૩ ફેબ્રુઆરી, ૧૯૦૦ના રોજ ચક્રધરપુર નજીક જામકોઇપાઈ જંગલમાંથી તેમની ધરપકડ કરવામાં આવી. ૯ જૂન, ૧૯૦૦ના રોજ માત્ર ૨૫ વર્ષની યુવાન વયે રાંચી જેલમાં તેમનું અવસાન થયું. સત્તાવાર રીતે તેમનું મૃત્યુ કોલેરાથી થયું હોવાનું જણાવાયું હતું, પરંતુ આદિવાસી સમુદાયે હંમેશા આ મૃત્યુના સંજોગો પર શંકા વ્યક્ત કરી છે.

બિરસા મુંડાના બલિદાનના કારણે બ્રિટિશ પ્રશાસનને આદિવાસીઓના જમીન હકોના રક્ષણ માટે કાયદાકીય સુધારાઓ કરવા પડ્યા, જે પૈકી છોટાનાગપુર ભાડૂત અધિનિયમ (Chotanagpur Tenancy Act - CNTA) ૧૯૦૮ એક મહત્વપૂર્ણ પગલું છે.બિરસા મુંડા આદિવાસી સમુદાયો માટે શૌર્ય, આત્મસન્માન અને સામાજિક ન્યાયના પ્રતીક બન્યા

**૩. બિરસાને ઘડનારા પરિબળો:**

**૩.૧ આર્થિક શોષણ અને જમીન સંકટ**

બિરસા મુંડાને ઘડનારુ સૌથી મોટુ પરિબળ આર્થિક અન્યાય હતો.ખુંટકટ્ટી પ્રથાનો અંત, બ્રિટિશ સરકારે મુંડા આદિવાસીઓની જમીન પરની પરંપરાગત સામૂહિક માલિકી પ્રથા (ખુંટકટ્ટી) નાબૂદ કરી અને તેને જમીનદારી પ્રથામાં બદલી નાખી તેમજ દિકુઓનું આક્રમણ: બહારના લોકો (દિકુઓ – જેમાં જમીનદારો, શાહુકારો અને ઠેકેદારોનો સમાવેશ થાય છે) એ આદિવાસીઓની જમીનો પચાવી પાડી જેના કારણે મુંડાઓ પોતાની જમીન પર જ બંધુઆ મજૂર (બળજબરી પૂર્વકની મજૂરી) બનવા મજબૂર થયા..

**૩.૨. ધાર્મિક અને સાંસ્કૃતિક પડકારો**

બિરસા મુંડાની ધાર્મિક અને સાંસ્કૃતિક ચેતનાએ તેમને સમાજ સુધારક તરીકે ઉભરી આવવા પ્રેર્યા.મિશનરી પ્રભાવથી બિરસાએ પોતે મિશનરી સ્કૂલમાં અભ્યાસ કરવા માટે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. પરંતુ, તેમણે ટૂંક સમયમાં જ અનુભવ્યું કે મિશનરીઓ આદિવાસીઓની સંસ્કૃતિનું અપમાન કરી રહ્યા છે અને તેમનો ઉદ્દેશ્ય ધર્મ પરિવર્તન દ્વારા આદિવાસી ઓળખને નષ્ટ કરવાનો છે. મિશનરીઓથી મોહભંગ થતાં, તેમણે તેમનો ધર્મ છોડ્યો અને આદિવાસીઓને સ્વધર્મ તરફ પાછા ફરવા પ્રેર્યા. આનાથી તેમનામાં સામાજિક-ધાર્મિક સુધારણાની ભાવના જન્મી અને તેમણે 'બિરસાઈત ધર્મ' ની સ્થાપના કરી.

**૩.૩. રાજકીય આંદોલનોનો પ્રભાવ**

આદિવાસી સંઘર્ષોએ તેમને લડત માટેની પ્રેરણા અને પદ્ધતિ પૂરી પાડી. સરદાર આંદોલનનો પ્રભાવથી ચાઈબાસામાં વસવાટ દરમિયાન તેઓ સરદાર આંદોલન (જે સરકાર અને મિશનરીઓ વિરુદ્ધ આદિવાસી જમીન અધિકારોની ચળવળ હતી)ના સંપર્કમાં આવ્યા. આ આંદોલને તેમના મનમાં બ્રિટિશ અને મિશનરી વિરોધી વિચારધારાને મજબૂત બનાવી.સરદારોના નેતૃત્વ અને તેમના બ્રિટિશ વિરોધી વલણથી બિરસાનું ક્રાંતિકારી વલણ મજબૂત બન્યું. તેમને આદિવાસીઓને સંગઠિત કરવાની અને વ્યાપક સ્તરે વિદ્રોહ કરવાની પ્રેરણા મળી.

ISSN(o): 2581-6241
Impact Factor: 9.134

આમ, આર્થિક અન્યાય, ધાર્મિક શોષણ અને પ્રવર્તમાન આંદોલનોના ત્રિવેણી સંગમથી બિરસા મુંડાનું વ્યક્તિત્વ ઘડાયું, જેણે તેમને શોષિત આદિવાસી સમુદાયના મુક્તિદાતા તરીકે ઉભરી આવવા માટે સક્ષમ બનાવ્યા.

## ૪. આદિજાતિ નેતા તરીકેનો ઉદય:

બિરસા મુંડાનો ઉદય માત્ર રાજકીય નેતા તરીકે નહીં, પરંતુ એક સંગઠિત ચળવળના પ્રણેતા તરીકે થયો હતો, જેણે ધર્મ, સમાજ અને અર્થતંત્ર ત્રણેય મોરચે આદિવાસી સમુદાયને સશક્ત બનાવ્યો. આ ઉદયની શરૂઆત ૧૮૯૫ની આસપાસના સમયગાળામાં થઈ, જ્યારે તેમણે પોતાને 'ઈશ્વરના સંદેશવાહક' તરીકે જાહેર કર્યા.

### ૪.૧ ધાર્મિક સુધારક નેતા તરીકે

બિરસા મુંડાની ચળવળનું કેન્દ્રબિંદુ તેમનું ધાર્મિક નેતૃત્વ હતું, જેણે આદિવાસીઓને સંગઠિત કરવા માટે એક શક્તિશાળી આધ્યાત્મિક આધાર પૂરો પાડ્યો.એક ઈશ્વરવાદ (Monotheism): તેમણે 'સિંગ બોંગા' (સૂર્ય દેવતા)ની પૂજા પર ભાર મૂક્યો અને આદિવાસીઓને બહુદેવવાદ, જાદુ-ટોણા અને અંધશ્રદ્ધામાંથી મુક્ત થવા માટે પ્રેર્યા.બિરસાઈત ધર્મથી તેમણે ખ્રિસ્તી ધર્મ અને પરંપરાગત આદિવાસી માન્યતાઓમાંથી સારાં તત્વો લઈને એક નવા ધર્મ 'બિરસાઈત'ની સ્થાપના કરી. આ ધર્મ આદિવાસી સંસ્કૃતિનું રક્ષણ કરવા અને તેમને એકસૂત્રે બાંધવા માટેનું માધ્યમ બન્યો. તેમણે પોતાને 'ભગવાન' (ધરતી આબા) તરીકે સ્થાપિત કર્યા, જેના કારણે તેમને લોકોનો અતૂટ વિશ્વાસ અને આદર મળ્યો, જે કોઈપણ રાજકીય સંગઠન કરતાં વધુ અસરકારક સાબિત થયો.

### ૪.૨ સામાજિક સુધારક નેતા તરીકે:

ધાર્મિક સુધારણાની સાથે સાથે, બિરસાએ આદિવાસી સમાજમાં રહેલી નબળાઈઓ દૂર કરવા માટે ક્રાંતિકારી સામાજિક સુધારા પણ શરૂ કર્યા.દૂષણો સામે લડત તેમણે આદિવાસી સમુદાયમાં પ્રચલિત દારૂ પીવાની પ્રથા (મદ્યપાન) અને માંસ ખાવાનો સખત વિરોધ કર્યો. તેમનું માનવું હતું કે આ દૂષણો જ શોષકોનું માધ્યમ છે.તેમણે શારીરિક અને સામાજિક સ્વચ્છતા પર ભાર મૂક્યો. આનાથી આદિવાસી સમુદાયનું જાહેર જીવન સુધર્યું અને તેમને એક ગૌરવશાળી ઓળખ મળી.તેમણે આદિવાસીઓને મિશનરી પ્રભાવ અને હિંદુ ધર્મની રૂઢિચુસ્તતાથી દૂર રહેવા અને પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવા માટે પ્રેર્યા, જેનાથી સમાજમાં આત્મગૌરવની ભાવના જાગી.

### ૪.3 આર્થિક અને રાજકીય સુધારક નેતા તરીકે

ધાર્મિક અને સામાજિક સુધારાએ મુંડા સમુદાયને આંતરિક રીતે સંગઠિત અને મજબૂત બનાવ્યો, જેણે રાજકીય અને આર્થિક મુક્તિ માટેની ચળવળનો પાયો નાખ્યો.બિરસા મુંડાનું અંતિમ ધ્યેય જમીન અધિકારની માગ હતી ખુંટકટ્ટી પ્રથાની પુનઃસ્થાપના અને 'દિકુઓ'નું શાસન ખતમ કરવાનું હતું.તેમનું ક્રાંતિકારી સૂત્ર હતું: "અબુઆ દિશુમ, અબુઆ રાજ" જે આદિવાસી સ્વશાસનની કલ્પનાનું પ્રતીક હતું. ધાર્મિક ઉપદેશક તરીકેની તેમની સફળતાએ તેમને એક વિશાળ અનુયાયી વર્ગ આપ્યો. આ અનુયાયીઓને તેમણે આર્થિક અને રાજકીય અન્યાય સામે સશસ્ત્ર વિદ્રોહ 'ઉલ્ગુલન' માટે તૈયાર કર્યા, જે ૧૮૯૯માં ઉગ્ર બન્યો.

બિરસા મુંડાના ઉદયે સ્પષ્ટ કર્યું કે ભારતના આદિવાસી સમુદાયમાં ધર્મ અને સમાજ સુધારણા રાજકીય મુક્તિની ચળવળ સાથે કેવી રીતે અવિભાજ્ય રીતે જોડાયેલા છે. તેમણે આદિવાસી ઓળખનું રક્ષણ કરવા અને જુલમી શાસન સામે લડવા માટે એક વ્યાપક વ્યૂહરચના પ્રદાન કરી.

### ૫. બિરસા મુંડાના અંગ્રેજો સામેના આંદોલનો:

બિરસા મુંડાની ધાર્મિક અને સામાજિક ચળવળનો અંતિમ ધ્યેય રાજકીય મુક્તિ અને જમીન અધિકારોની પુનઃસ્થાપના હતો, જે ૧૮૯૯-૧૯૦૦ના ઉલ્ગુલન આંદોલનમાં પરિણમ્યો. આ આંદોલન આદિવાસીઓના ઇતિહાસમાં બ્રિટિશ શાસન સામેના સૌથી મહત્વપૂર્ણ અને સંગઠિત વિદ્રોહોમાંનું એક ગણાય છે.

### ૫.૧ આંદોલનના મુખ્ય કારણો

બિરસાએ જે આંદોલન શરૂ કર્યું તેના મુખ્ય કારણો બ્રિટિશ નીતિઓ અને શોષણ હતા.બ્રિટિશરોએ મુંડાઓની પરંપરાગત ખુંટકટ્ટી પ્રથાને ગેરકાયદેસર ઠેરવી દીધી, જેના કારણે આદિવાસીઓ તેમની જમીન પરથી વિસ્થાપિત થયા.ભારતીય વન અધિનિયમ (Indian Forest Act) જેવા કાયદાઓએ આદિવાસીઓના જંગલના ઉત્પાદનો એકત્ર કરવા અને ચારણના પરંપરાગત અધિકારોને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા.જમીનદારો, શાહુકારો અને કોન્ટ્રાક્ટરો (દિકુઓ) દ્વારા વસૂલાતો ભારે કર, ઊંચા વ્યાજ દર અને બેગાર (બળજબરીપૂર્વકની મજૂરી) આંદોલન માટેનું તાત્કાલિક કારણ બન્યા.

### ૫.૨ ઉલ્ગુલનનું સ્વરૂપ અને વ્યૂહરચના

ઉલ્ગુલન આંદોલન માત્ર એક વિરોધ નહોતો, પણ એક સંગઠિત ગેરીલા યુદ્ધ હતું, જે બિરસાના નેતૃત્વમાં લડાયું."અબુઆ દિશુમ. અબુઆ રાજ..." (આપણો દેશ, આપણું રાજ) ના નારા સાથે સ્વતંત્ર મુંડા રાજની સ્થાપના કરવી ધ્યેય હતો. બિરસાએ હજારો આદિવાસીઓ, જેમાં પુરુષો, સ્ત્રીઓ અને યુવાનો સામેલ હતા, તેમને સંગઠિત કરીને એક ગેરીલા સેનાનું નિર્માણ કર્યું.શરૂઆતમાં સામાજિક સુધારા અને કર ન ભરવાની હાકલ કરવામાં આવી, પરંતુ ૧૮૯૯માં તેને સશસ્ત્ર વિદ્રોહમાં પરિવર્તિત કરવામાં આવ્યું.જેનો હેતુ આદિવાસીઓએ બ્રિટિશ સત્તાના પ્રતીકો જેમ કે પોલીસ સ્ટેશનો, સરકારી કચેરીઓ, જમીનદારોના ઘરો અને મિશનરી ઇમારતોને નિશાન બનાવ્યા.

### ૫.૩ વિદ્રોહની પરાકાષ્ઠા (૧૮૯૯-૧૯૦૦)

આંદોલનનો સૌથી તીવ્ર સમયગાળો ડિસેમ્બર ૧૮૯૯ના છેલ્લા અઠવાડિયાથી જાન્યુઆરી ૧૯૦૦ના અંત સુધીનો હતો.ખુંટી પર હુમલો (ઓગસ્ટ ૧૮૯૭)-આદિવાસી સેનાએ ખુંટી પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો, જે બ્રિટિશ સત્તાને સીધો પડકાર હતો.ક્રિસમસ હુમલાઓ (ડિસેમ્બર ૧૮૯૯) બિરસાના અનુયાયીઓએ ખ્રિસ્તી મિશનરીઓ અને તેમની સાથે સંકળાયેલા આદિવાસીઓ પર હુમલા કર્યા, જે આંદોલનની ધાર્મિક અને સાંસ્કૃતિક પરિમાણને દર્શાવે છે.ડોમ્બાડી બુરુ સંઘર્ષ (૯ જાન્યુઆરી, ૧૯૦૦) આ આંદોલનનો સૌથી મોટો અને દુઃખદ સંઘર્ષ હતો.ખુન્ટી જિલ્લામાં ડોમ્બાડી બુરુની ટેકરી પર બિરસા પોતાના અનુયાયીઓને સંબોધી રહ્યા હતા, ત્યારે બ્રિટિશ દળોએ ઘેરો ઘાલીને અંધાધૂંધ ગોળીબાર કર્યો. આ સંઘર્ષમાં મોટી સંખ્યામાં આદિવાસી સ્ત્રીઓ અને બાળકો શહીદ થયા.

આ આંદોલને બ્રિટિશ સરકારને આદિવાસીઓના પ્રશ્નો પર ધ્યાન આપવા અને જમીન અધિકારોનું રક્ષણ કરતા કાયદાઓ લાગુ કરવા માટે મજબૂર કર્યા.

### ૬. બિરસા મુંડાનો વારસો અને પ્રભાવ (Legacy and Impact)

બિરસા મુંડાનું જીવન માત્ર ૨૫ વર્ષનું હતું, પરંતુ તેમનું કાર્ય અને બલિદાન ભારતીય ઇતિહાસ અને આદિવાસી સમુદાય પર કાયમી અને અવિસ્મરણીય છાપ છોડી ગયા છે. તેમનો વારસો રાજકીય, કાયદાકીય અને સાંસ્કૃતિક એમ ત્રણેય સ્તરે વ્યાપેલો છે.

### ૬.૧ કાયદાકીય અને રાજકીય વારસો

છોટાનાગપુર ટેનન્સી એક્ટ (CNT Act), ૧૯૦૮ આ આંદોલનના સૌથી મોટા અને સીધા પરિણામોમાંનું એક આ કાયદાનું નિર્માણ હતું. આ કાયદા દ્વારા આદિવાસીઓની જમીનનું બિન-આદિવાસીઓને હસ્તાંતરણ અટકાવવામાં આવ્યું અને આદિવાસીઓને તેમની જમીનના અધિકારોનું રક્ષણ મળ્યું. આ કાયદો આજે પણ ઝારખંડમાં આદિવાસી જમીનના રક્ષણ માટેનો એક પાયાનો કાયદો ગણાય છે.

સ્વશાસનનો વિચાર દ્વારા બિરસાએ 'અબુઆ દિશુમ. અબુઆ રાજ નો જે નારો આપ્યો, તેણે આદિવાસીઓમાં સ્વશાસન (Self-Governance) અને ન્યાય માટે લડવાની ભાવના પેદા કરી, જે પાછળથી ઝારખંડ રાજ્યની રચનાની ચળવળમાં પણ એક પ્રેરક બળ બની.

### ૬.૨ સાંસ્કૃતિક અને ધાર્મિક વારસો

બિરસા મુંડાનો પ્રભાવ ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ઊંડો રહ્યો.ધરતી આબા અને ભગવાન મુંડા અને અન્ય આદિવાસી સમુદાયોમાં તેઓ આજે પણ 'ધરતી આબા' (જગત પિતા) અને 'ભગવાન' તરીકે પૂજનીય છે. તેમનો ધર્મ 'બિરસાઈત' આજે પણ કેટલાક સમુદાયોમાં જીવંત છે, જે તેમના દ્વારા પ્રચારિત સામાજિક સુધારા (સ્વચ્છતા, મદ્યપાનનો ત્યાગ) પર ભાર મૂકે છે.આદિવાસીઓમાં આત્મગૌરવ અને સાંસ્કૃતિક ઓળખની ભાવના પુનઃસ્થાપિત કરી. તેમણે મિશનરીઓ અને દિકુઓના પ્રભાવથી આદિવાસી ધર્મને શુદ્ધ કરવાનો જે પ્રયાસ કર્યો, તે આદિવાસી સમુદાય માટે આંતરિક સશક્તિકરણનું પ્રતીક બની ગયો.

### ૬.3 રાષ્ટ્રીય સન્માન અને સ્મૃતિ

સમગ્ર ભારતમાં બિરસા મુંડાને એક અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની તરીકે સન્માનવામાં આવે છે.ઝારખંડની સ્થાપના વર્ષ ૨૦૦૦માં, જ્યારે બિહારમાંથી અલગ થઈને ઝારખંડ રાજ્યની સ્થાપના થઈ, ત્યારે બિરસા મુંડાની જન્મજયંતિ, ૧૫ નવેમ્બરના રોજ આ રાજ્યની રચના કરવામાં આવી, જે તેમના પ્રદાનને સન્માન આપવા સમાન હતું.તેમજ જનજાતીય ગૌરવ દિવસ ૧૫ નવેમ્બરને ભારત સરકાર દ્વારા 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.ઉપરાંત સ્મારકો અને સંસ્થાઓએ તેમની યાદમાં દેશભરમાં અનેક સ્મારકો, પ્રતિમાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ (જેમ કે ગુજરાતની બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી) સ્થાપિત કરવામાં આવી છે. ભારતીય સેનાની બિહાર રેજિમેન્ટનો યુદ્ધ પોકાર પણ 'બિરસા મુંડા કી જય' છે.

બિરસા મુંડાનો પ્રભાવ સાબિત કરે છે કે બલિદાન ક્યારેય વ્યર્થ જતું નથી, અને એક નેતાનો પ્રભાવ ભૌતિક હાજરી કરતાં તેના દ્વારા પ્રેરિત વિચારધારામાં વધુ જીવંત રહે છે.

## ૭. ઉપસંહાર (Conclusion)

બિરસા મુંડા (૧૮૭૫–૧૯૦૦)નું જીવન અને તેમનું ઉલ્ગુલન આંદોલન એ ભારતીય ઇતિહાસમાં આદિવાસી સમુદાયના સંઘર્ષની સૌથી તેજસ્વી ગાથા છે. આ સંશોધન પેપરમાં વિશ્લેષણ કરવામાં આવ્યું તેમ, બિરસાનો ઉદય માત્ર એક રાજકીય નેતા તરીકે નહીં, પરંતુ ધાર્મિક, સામાજિક અને આર્થિક સુધારાના એકીકૃત પ્રણેતા તરીકે થયો હતો.તેમને ઘડનારા મુખ્ય પરિબળોમાં ખુંટકટ્ટી પ્રથાનો અંત, બ્રિટિશ જંગલ કાયદાઓ અને દિકુઓ દ્વારા થતું વ્યાપક શોષણ હતું, જેણે આદિવાસીઓને તેમની મૂળભૂત ઓળખ અને જમીનથી વિમુખ કર્યા હતા. આના પ્રત્યુત્તરમાં, બિરસાએ 'બિરસાઈત ધર્મ'ની સ્થાપના કરીને સમાજને આંતરિક રીતે શુદ્ધ અને સંગઠિત

કર્યો, જેનાથી તેમને 'ધરતી આબા' તરીકેનો દૈવી દરજ્જો પ્રાપ્ત થયો. આ ધાર્મિક આધાર જ તેમના ક્રાંતિકારી સૂત્ર "અબુઆ દિશુમ. અબુઆ રાજ..." (આપણો દેશ, આપણું રાજ) માટેની રાજકીય શક્તિ બન્યો.

આમ, બિરસા મુંડા એવા ક્રાંતિકારી નેતા હતા જેમણે ધર્મ, સમાજ અને રાજકારણને જોડીને શોષણ સામે એક પ્રબળ અવાજ ઉઠાવ્યો. તેઓ માત્ર ઇતિહાસનો એક પાઠ નથી, પરંતુ ભારતીય આદિવાસી સમુદાયની અસ્મિતા, ગૌરવ અને ન્યાય માટેના સંઘર્ષનું શાશ્વત પ્રતીક છે.જ્યાં સુધી ધરતી ઉપર આદિવાસી સમાજ જીવંત છે ત્યાં સુધી બિરસા મુંડા જીવિત છે.

**સંદર્ભ સૂચી :**

૧. દેવી, મહાશ્વેતા. (અરણ્ય અધિકાર). કોલકાતા: મિત્ર ઓર ઘોષ પબ્લિશર્સ.
૨. સિંઘ, કુમાર સુરેશ. બિરસા મુંડા એન્ડ હીઝ મૂવમેન્ટ: ૧૮૭૪-૧૯૦૧. . કલકત્તા: ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ.
૩. ગુપ્ત, સૌરભ. ઝારખંડ કે જનજાતીય વિદ્રોહ ઔર સ્વતંત્રતા સંગ્રામ. નવી દિલ્હી: રાષ્ટ્ર પ્રકાશન.
૪. મુંડા, જ્યોતિ ખુંટકટ્ટીઃ આદિવાસી સ્વશાસન કા ઇતિહાસ.
૫. Ekka, Dr. Ahilanand. "ઝારખંડના આદિવાસી આંદોલનો અને બીરશા મુંડાનું યોગદાન."
રાંચી: રાંચી યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગ, 2015.
૬."Birsa Munda remembered as 'Dharti Aba' – Father of the Earth." Hindustan Times, *15 Nov*. 2023,HT Digital Media Group, New Delhi.
૭. Government of India, Ministry of Tribal Affairs. "જનજાતીય ગૌરવ દિવસ અને બીરશા મુંડાનું યોગદાન."નવી દિલ્હી: ભારત સરકાર, 2022.
૮. India Today. "બીરશા મુંડા: આદિવાસી યુવાન જેણે સ્વતંત્રતાની ચેતના જગાવી."
India Today Group*,* 15 Nov. 2024.
૯. Jagran Josh. "કોણ હતા બિરશા મુંડા? ભારતના આદિવાસી સ્વાતંત્ર્ય સંગ્રામીની કથા."
દૈનિક જાગરણ, નવી દિલ્હી, 2023.
૧૦. Ranchi University Archives. "બિરશા મુંડા અને છોટાનાગપુર ક્ષેત્રની જનજાતિ ચળવળો."
રાંચી: રાંચી યુનિવર્સિટી રિસર્ચ વિભાગ, 2018.
૧૧. Subramaniam, K., and M. Sharma. "ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી વિદ્રોહોની ભૂમિકા."નવી દિલ્હી: નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, 2017.
*"The Chotanagpur Tenancy Act, 1908.*" Government of India, Law Department.
12. Wikipedia contributors. "બીરશા મુંડા – જીવન, આંદોલન અને વારસો." Gujarati Wikipedia, Wikimedia Foundation,2024, https://gu.wikipedia.org/wiki/બીરશા_મુંડા.